ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

# શહેરમાં ૪૬૦ પરિવારોને એન.એફ.એસ.એ. અંતર્ગત આવરી લેવાયા છે : પુરવઠામંત્રી

**જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૨૯ પાતાળકુવા બનાવાયા**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં પાંચ પ્રશ્નો રજુ થયા હતા. આ પ્રશ્નો ચર્ચામાં આવ્યા ન હતા.

**● શહેરમાં એન.એફ.એ. હેઠળ જનસંખ્યા**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલે ગાંધીનગર શહેરમાં નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ હેઠળ સમાવવામાં આવેલ કુટુંબોને લઈ પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠામંત્રીએ જણાવ્યુ છે કે ૪૬૦ પરિવારોને આ એક્ટ હેઠળ સમાવવામાં આવ્યા છે.

રીટાબેનના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૪૬૦ પરિવારોની જનસંખ્યા ૧૯૩૧ છે. આવો જ પ્રશ્ન ગાંધીનગર (દ)ના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે પણ પુછ્યો હતો.

**● જિલ્લામાં પાતાળકુવા**

કલોલના ભાજપના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોરે જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કરાયેલા પાતાળકુવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પાણી પુરવઠામંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૨૯ પાતાળકુવા કરવામાં આવ્યા છે. ભાજપના જ દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે પણ આજ પ્રશ્ન પુછ્યો હતો.

મંત્રીએ જણાવ્યુ છે કે જે પૈકી ૨૪ પાતાળકુવા દ્વારા પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેલા ૫ પાતાળકુવાના શારકામ પૂર્ણ થયેલ છે અને તેના વીજ જોડાણની કાર્યવાહી પ્રગતિમાં છે.

**● માણસા તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના**

માણસાના ભાજપના ધારાસભ્ય જે.એસ. પટેલે માણસા તાલુકા જૂથ પાણી પુરવઠા યોજના અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પાણી પુરવઠા મંત્રીએ જણાવ્યુ છે કે માણસા તાલુકાને જી.૩ જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત આવરી લેવામાં આવેલ છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે આ યોજના હેઠળ તાલુકાના ૪૮ ગામોને આવરી લેવામાં આવ્યા છે.

આ જ સભ્યના અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે આ જૂથ પાણી પુરવઠા યોજનામાં ૨.૧૪ લાખ વસ્તીને આવરી લેવામાં આવી છે.

**● અને છેલ્લે...**

વિધાનસભામાં પ્રશ્નોત્તરીના સમયગાળામાં ગાંધીનગરના પાંચેય ધારાસભ્યોની સક્રિયતા દેખાઈ આવતી હતી. પાંચેય ધારાસભ્યોએ પોતપોતાના વિસ્તારના મહત્વના પ્રશ્નોની માહિતી મંત્રીશ્રીઓ પાસેથી માંગી હતી. ભાજપના પાંચેય ધારાસભ્યો સતત પ્રશ્નોત્તરીમાં પ્રથમ દિવસે જ સક્રિય દેખાયા હતા. આગામી દિવસોમાં પણ આવી જ સક્રિયતા અનુભવાશે એમ આજના પ્રશ્નોત્તરી કાળમાંથી વર્તાતું હતું.



પાનખરના પ્રશ્નો - શહેરમાં વૃક્ષોની સંખ્યા નોંધપાત્ર હોવાથી પાનખરમાં આખો દિવસ પીળા પાન સતત ખરતા હોય છે... જેને કારણે સ્વચ્છતામાં પાનખર અવરોધક બને છે... સફાઈ કામદારો મુખ્યમાર્ગો અને વીઆઈપી વિસ્તારમાં સતત સફાઈ કરતા હોય છે પરંતુ એ ઢગલા કરીને છોડી દે છે... એ ઢગલા સમયસર ઉઠાવાતા નહિ હોવાથી ગંદકીમાં પરિણમે છે... પાટનગરમાં પાનખરના વૈભવની સાથે સાથે એની આડઅસર પણ આંખે ઉડીને વળગે છે...

# એપોલો સર્કલ પાસે નમુનારૂપ બ્રિજ તૈયાર કરવા એમરિકાથી કેબલ આવ્યા

**કેબલ સ્ટેડ બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત ૧૦૮ કરોડનો ખર્ચ કરાશે : સમગ્ર રાજયમાં નમુનારૂપ બ્રિજ બનશે : સતત ટ્રાફિક જામના લીધે વાહનચાલકો ત્રસ્ત : બ્રિજ નિર્માણના અંતે વાહનોની અવરજવર સરળ અને સલામત બનશે**

ગાંધીનગર તા ૨૭

એપોલો પાસે નમુનારૂપ બ્રિજ તૈયાર કરવાનુ કામ ચાલી રહ્યુ છે. સમગ્ર રાજયમાં અનોખો અને નમુનારૂપ બ્રિજ બાંધવામાં આવી રહ્યો છે. આ કેબલ સ્ટેડ બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૧૦૮ કરોડનો ખર્ચ કરાશે જયારે આ બ્રિજ માટે અમેરિકાથી કેબલ મંગવાયા છે. જયારે હાલ બ્રિજનુ કામ પ્રગતિ હેઠળ છે. અગાઉ લાંબા સમય સુધી આ કામગીરી બંધ રહી હતી. એપોલો સર્કલ પાસે છેલ્લા બે ત્રણ વર્ષથી ટ્રાફિકની સમસ્યા પેચીદી બની હતી બ્રિજ નિર્માણના અંતે ટ્રાફિક જામનો પ્રશ્ન હલ થશે. અંદાજિત ૧.૫ કી મી ના અંતરમાં તૈયાર થતા બ્રિજનુ કામ પુર્ણ થતા હજુ સમય લાગશે.

એપોલો સર્કલ પાસે નમુનારૂપ બ્રિજ તૈયાર કરવાનુ કામ ચાલી રહ્યુ છે. આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકની સમસ્યા પેચીદી બની છે. જો કે વાહનોની વધતી સંખ્યાના લીધે ગાંધીનગર શહેરમાં પણ છેલ્લા એક દાયકાથી ટ્રાફિકનો પ્રશ્ન પેચીદો બન્યો છે. શહેરના મુખ્યમાર્ગો પણ સિકસલેન છે. જયારે બાકી રહેતા ગ માર્ગને પણ સિકલેન બનાવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે ચિલોડા સરખેજ માર્ગનુ કામ પણ પુર્ણ થતા રૂટમાં આવતા તમામ જંકશન પર ઓવર બ્રિજ તૈયાર કરી દેવાયા છે. અલબત્ત શહેરની સાથે આસપાસના વિસ્તારમાં પણ રોડ એન્જિયરીંગમાં નોંધપાત્ર બદલાવ જોવા મળે છે. ગાંધીનગર નજીકના એપોલો સર્કલ પાસે પણ છેલ્લા ઘણાં સમયથી રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જેના લીધે વાહનચાલકો પણ તોબા પોકારી ગયા છે. વધુમાં આ જગ્યાએ માર્ગ સલામતી સામે પણ પ્રશ્નો મંડરાયા છે. આ સ્થિતિને નિવારવા માટે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી એપોલો સર્કલ પાસે નમુનારૂપ બ્રિજ તૈયાર કરવા માટે આયોજન કરાયુ હતુ. હાલ બ્રિજ નિર્માણની કામગીરી ચાલી રહી છે. જો કે આ યોજના સંદર્ભ અગાઉ ૬ મહીના જેટલો સમય કામ બંધ રહેતા નિયત સમયના અંતે આ કામગીરી પુર્ણ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. એપોલો પાસે કેબલ સ્ટેડ બ્રિજ બાંધવા માટે અંદાજિત રૂ ૧૦૮ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે હાલ આ કામ પ્રગતિ હેઠળ છે. આ નમુનારૂપ બ્રિજના નિર્માણ માટે અમેરિકાથી કેબલ મંગાવાયા હતા જયારે કેબલ પણ આવી જતા બ્રિજના કામમાં ગતિ આવી છે. રક્ષાશકિત બ્રિજને અનુલક્ષીને પણ કામગીરી ચાલી રહી છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે ટ્રાફિકનુ પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યુ છે. જેના લીધે રાત દિવસ આ માર્ગો પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જેને અનુલક્ષી ક્રોસ જંકશન પર બ્રિજ બનાવાની યોજનાને પણ વેગ આપવામાં આવી રહ્યો છે. ગાંધીનગર શહેરમાં પણ મેગાસીટીની જેમ માર્ગો પર

● અનુસંધાન પાન-૭ પર

# નવા ગાંધીનગરમાં સિમેન્ટના રસ્તા બનાવાની યોજના પડતી મુકાઈ

**નાણાંના અભાવે ગુડાના માળખાગત સુવિધાના કામો પર વિપરિત અસર**

ગાંધીનગર તા ૨૭

આવકના અભાવે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળની આર્થિક ભીંસ ઉભી થઈ છે . જયારે આ સ્થિતિ વચ્ચે ગુડા દ્વારા નવા ગાંધીનગર વિસ્તારમાં હાથ ધરનારા માળખાગત સુવિધાના કામો પર વિપરીત અસર થઈ છે . વરસાદી દિવસોમાં માર્ગો તૂટી જવાની સમસ્યા હલ કરવા માટે સી સી રોડ બનાવવા માટે આયોજન કરાયું હતું જો કે નાણાકીય જોગવાઈના અભાવે આ યોજના પડતી મુકવામાં આવી છે

અગાઉ અમદાવાદ, ગાંધીનગર માટેની ટ્વીન સિટી યોજના અન્વયે મહાનગર પાલિકાનું હદ વિસ્તરણ કરવામાં આવ્યુ હતું. જયારે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ માટે આવકનું સ્ત્રોત્ર મનાતા ન્યુ ગાંધીનગરના વિસ્તારોને કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ કરી દેવાતા હાલ ગુડા માટે આવકનો પ્રશ્રૃન મોટો છે . આ સ્થિતિમાં યોજનાઓના અમલ સંબંધમાં ગુડાના અધિકારીઓને પણ માથું ખંજવાળવાનો વારો આવ્યો છે . ગામડાઓના વિકાસ માટેની સદભાવના યોજનાનું કામ પણ મંદ ગતિએ ચાલી રહ્યું છે . જયારે આ અન્વયે માટે માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે પણ કન્સલ્ટન્સી એજન્સી કામ સોંપીને તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે જયારે ૨૬ ગામડાઓમાં પાણી, ગટર, રસ્તા, સ્ટ્રીટ લાઈટ, શાળા, પંચાયત ઘર અને આંગણવાડીના બાંધકામ અને સમારકામ સહિતની અનેકવિધ યોજનાઓ હાથ ધરવાનું આયોજન કરાયું છે . આ યોજના અંતર્ગત તો હવે સૌ પ્રથમ માત્ર ગંદા પાણીના નિકાલ માટે ગટર લાઈનના કામો જ હાથ ધરવા નિર્ણય કરવામાં આવ્યો છે નવા ગાંધીનગર વિસ્તારમાં સમાવિષ્ટ સરગાસણ, કુડાસણ, રાયસમ, રાંદેસણ, કોબા, ઉવારસદ, પોર, વાસણા હડમતિયા સહિતના વિસ્તારમાં વરસાદી દિવસોમાં માર્ગો તૂટી જતા સ્થાનિકોને ડગલે ને પગલે

● અનુસંધાન પાન-૭ પર

# સગર્ભા અને ધાત્રી માતાઓમાં તમાકુના સેવનની વધતી જતી ટકાવારીથી તંત્ર ચિંતીત

**જિલ્લામાં વ્યસનમુક્તિ અભિયાન તંત્ર અને સ્વૈચ્છીક સંગઠનો સંકલનમાં રહી યોજે : ડી.ડી.ઓ.**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં સગર્ભા અને ધાત્રી માતાઓમાં




તમાકુ સેવનના વધતા જતા વ્યાપને નાથવા માટે આજે જિલ્લા પંચાયત ખાતે આરોગ્ય અને સ્વૈચ્છીક સંસ્થાઓએ જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં મંથન કરી ચિંતા વ્યક્ત કરી હતી.

જિલ્લામાં આ અંગે થયેલા સર્વેમાં મહિલાઓમાં તુમાકુના સેવનના વધતા પ્રમાણ અંગે વિગતવાર સર્વે કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે સૂચન કરી આ વ્યસનમુક્તિ અંગેનું અભિયાન તંત્ર અને સ્વૈચ્છીક સંસ્થાઓ સાથે હાથ ધરવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૭ હજાર જેટલી સગર્ભા અને ધાત્રી માતાઓને સર્વેમાં આવરી લેવાઈ હતી અને ૧૨૦૦ જેટલી મહિલાઓ સેવન કરતી હોવાનું જાણવા મળેલ હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી ગૌત્તમે કોમ્યુનીટી બેઝ વ્યસન મુક્તિ અભિયાન હાથ ધરવા તેમજ વ્યક્તીગત કાઉન્સીલીંગ પર ભાર મુક્યો હતો.

તમાકુનુ સેવન કેટલુ જીવલેણ છે તે અંગે લોકોમાં જાગૃત્તિ આવે તેના પર પણ ભાર મુકી ખાસ પ્રોજેક્ટ તૈયાર કરવો જોઈએ તેમ તેમણે કહ્યુ હતુ.

આજે આ મંથન બેઠકમાં જિલ્લા આરોગ્યતંત્રના અધિકારીઓ, કેટલાક તબીબી અધિકારીઓ જે ગામોમાં મહિલાઓ દ્વારા તમાકુનુ સેવન વધુ જણાયુ છે તે ગામોના તેમજ ફેઈથ ફાઉન્ડેશન, કનોરિયા હોસ્પિટલના પ્રતિનિધિઓ ઉપરાંત બિહેવીયર ચેઈન્જ સેલના કર્મયોગીઓ હાજર રહ્યા હતા.

જિલ્લામાં મહિલાઓ દ્વારા તમાકુના સેવનના વધતા જતા પ્રમાણ અંગે ડિટેઈલ સર્વે કરવાનો નિર્ણય પણ બેઠકમાં લેવામાં આવ્યો હતો.

# આગામી ચોમાસામાં નવા રોપાઓની વાવણી માટે વનતંત્રએ તૈયારીઓ આરંભી

**શહેરમાં અંદાજિત ૧૫ હજાર જેટલા નવા રોપાઓની વાવણી કરાશે : ચ માર્ગ આસપાસ પણ વન વિસ્તારમાં અવનવા રોપાઓ ઉછેરવામાં આવશે : વન વિસ્તારને હરિયાળો અને આકર્ષક બનાવવા માટે નવતર અભિગમ**

ગાંધીનગર તા ૨૭

શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે અનેકવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે જયારે નવા બિલ્ડીંગો બાંધવા ઉપરાંત માર્ગ નવિનીકરણ અને વાઈડનીંગ સહીતની કામગીરીના લીધે શહેરમાં હરિયાળીનો પણ સોથ વળી રહ્યો છે. ગ્રીન ગાંધીનગરની ઓળખ પણ હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. બીજીતરફ નગરનો વન વિસ્તાર પણ લાંબા સમયથી કંગાળ હાલતમાં છે સફાઈ અને નવા રોપાઓની વાવણીના અભાવે વેરાન જોવા મળતા વન વિસ્તારમાં વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવા માટે આયોજન કરાયુ છે. આગામી વરસાદી દિવસોમાં શહેરમાં હરિયાળી નિખારવા માટે વનતંત્રએ ખાડા ખોદવાનુ કામ શરૂ કરી દીધુ છે. અંદાજિત ૧૫ હજાર જેટલા નવા રોપાઓની વાવણી કરાશે

ગાંધીનગરમાં એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે વિવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. પાણી ગટરની નવી લાઈન નાંખવા ઉપરાંત નતનવા બિલ્ડીંગોનુ પણ બાંધકામ કરવામાં આવી રહ્યુ છે. ખુલ્લા મેદાનોની જગ્યા પર સિમેન્ટ કોંક્રીટના મકાનો તૈયાર થઈ રહ્યા છે. જયારે માર્ગોનુ પણ વાઈડનીંગ કરવામાં આવી રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે હરિયાળીનો સોથ વળી રહ્યો છે. અનેકવિધ કાર્યયોજનાઓના લીધે રોજબરોજ શહેરમાં વૃક્ષોની કટોતી થાય છે. જેના લીધે એક જમાનામાં હરિયાળા શહેર તરીકે આગવી ઓળખ ધરાવતુ ગાંધીનગર હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. જેટલા વૃક્ષોની કટોતી થાય છે તેની સામે એટલા નવા વૃક્ષોનો ઉછેર કરવામાં પણ નિરસતા સેવાઈ રહી છે. જયારે આવા સંજોગોમાં નગરના વન આરક્ષિત વિસ્તારની હાલત પણ દિનપ્રતિદિન દયાનજનક બનતી જાય છે. વન વિસ્તારની ફેન્સીંગમાં ઠેર ઠેર ગાબડા જોવા મળે છે. જયારે સફાઈ પણ નિયમિત રીતે થતી નથી. કચરાના ઢગ વચ્ચે રખડતા ઢોર પણ વધી ગયા છે. જેના લીધે વન વિસ્તારમાં હરિયાળા રોપાઓની જાળવણી સામે પણ મોટો સવાલ મંડરાયો છે. વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે નવા રોપાઓની વાવણીને અનુલક્ષીને ઉનાળાની ગરમીના દિવસોમાં જ ખાડાઓ ખોદવાની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવે છે. જેને અનુલક્ષી આગામી વરસાદી દિવસોમાં પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવનાર છે. ત્યારે હાલ વનતંત્રએ અંદાજિત

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટેનું વિધેયક પસાર

**વિધાનસભા ગૃહમાં બહુમતીથી વિધેયક પસાર કરાયું : ૧ ઓક્ટોબર ૨૦૨૨ સુધીના તમામ અનધિકૃત બાંધકામોને નિયમિત કરાશે**

ગાંધીનગર,તા.૨૭

વિધાનસભા ગૃહમાં આજે વધુ એક વિધેયક રજૂ કરવામાં આવ્યું છે. ત્યારે ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા મુદ્દે સુધારા વિધેયક બિલ રજૂ કરવામાં આવ્યો છે. વિધેયક પસાર થયા બાદ ઈંપેક્ટ ફીમાં વધુ ૪ માસનો સમય લંબાવાયો છે.

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટેનો વિધેયક પસાર કરવામાં આવ્યો છે. વિધાનસભા ગૃહમાં બહુમતીથી આ વિધેયક પસાર કરવામાં આવ્યું છે. ઈમ્પેક્ટ ફી સંદર્ભે વધુ ૪ માસનો સમય લંબાવાયો છે. તેમજ ૧ ઓક્ટોબર ૨૦૨૨ સુધીના તમામ અનધિકૃત બાંધકામોને નિયમિત કરાશે.

વિધાનસભામાં આજનો પ્રશ્નોતરીકાળમાં ગુજરાત અનધિકૃત વિકાસ નિયમિત કરવા બાબતનું સુધારા વિધેયક રજૂ કરાયું છે. ગૃહમાં મંત્રી ઋષિકેશ પટેલે આ વિધેયક રજૂ કર્યું છે. જે મુદ્દે કોંગ્રેસના ઉપનેતા શૈલેષ પરમારે સરકાર પર આકારા પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે, જ્યાં ગેરકાયદે બાંધકામ હોય ત્યાં અધિકારી સામે પગલા લો તેમજ ૨૦૦૧થી અત્યાર સુધી ૫ વખત અનઅધિકૃત બાંધકામ કાયદેસર થયું છે. છઠ્ઠી વખત સરકાર સુધારો કરી રહી છે. શૈલેષ પરમારે કહ્યું કે, ભાજપના શાસનમાં ગેરકાયદે બાંધકામની છુટ અપાય છે. પક્ષના કોર્પોરેટરના બાંધકામને તોડવા પોતે જ રજૂઆત કરી હતી. તેમણે ઉમેર્યું કે, આજે પણ આ ગેરકાયદે બાંધકામ તોડવામાં આવ્યું નથી. ગેરકાયદે બાંધકામને પ્રોત્સાહન આપવાનું બંધ કરો તેમજ નાનો-મોટા દરેક વ્યક્તિઓ સામે કાર્યવાહી કરો તેમ શૈલેષ પરમારે જણાવ્યું છે.

# સ્થાયી સમિતિના ચેરમેને ઈજનેરોની પાઠશાળા સાથે સમીક્ષા કરી



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે આજે ઈજનેરી શાખાને પાઠશાળા ખોલી અને ત્રણ "સી" આધારિત કામગીરી કરવા જણાવ્યુ હતુ.

આજે મનપાના ચાલી રહેલા વિવિધ કામો તેમજ નગરરચનાની મુલાકાત પછી આજે એક વિસ્તૃત બેઠક લીધી હતી. આજે યોજાયેલ આ બેઠકમાં કામોની સર્વગ્રાહી સમીક્ષા દરમ્યાન ચેરમેને સમય-મર્યાદામાં ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે જોવા પર ભાર મુક્યો હતો.

તેમણે ઈજનેરોને ચેતવણી આપતા જણાવ્યુ હતુ કે મનપાના કામોમાં ગુણવત્તા બાબતે સ્હેજ પણ ઉણપ ચલાવી લેવામાં આવશે નહિ. તેમણે પ્રજાને મુશ્કેલી ના પડે અને નિર્ધારિત સમય સુધી વિકાસના કામોનો ઉપયોગ કરી શકે તે પ્રકારની ગુણવત્તા જળવાઈ રહે તે જોવાની આપણી સૌની સહિયારી જવાબદારી છે.

ચેરમેન સ્થાયી સમિતિની અધ્યક્ષતામાં સીટી ઈજનેરશ્રી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ, મદદનીશ ઈજનેરશ્રીઓ, અધિક મદદનીશ ઈજનેરશ્રીઓ, વર્ક આસિસ્ટન્ટ એમ કુલ મળી ૫૦ કરતાં વધુ ઈજનેરો સાથે કામ પ્રત્યે 'આપણા પણાનો ભાવ' એટલે કે "'Ownership Filling" પેદા થાય તેમજ હાલ ચાલતા કામોમાં ઝીણવટપૂર્વકનું સુપરવિઝન કરીને ઉત્તમ ગુણવત્તા જળવાઈ અને કામ સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટે સમીક્ષા બેઠક સાથે પાઠશાળા યોજી હતી.

તેમણે અધિકારીઓને સમજ આપાતા એવું જણાવ્યુ હતુ કે કોઈપણ બાંધકામની અંદર ત્રણ "C" ખૂબ મહત્વના હોવાથી ત્રણ "C"નું મહત્વ ચેરમેન દ્વારા સમજાવવામાં આવ્યું કે 'Curing' (પાણી છાંટવુ), 'Compaction' (વાયબ્રેટર મારી ક્રોંક્રિટમાંથી હવા દૂર કરવી), 'Cover' (સળિયાની નીચે યોગ્ય જાડાઈનું કોંક્રિટનું સ્તર રહે તો ભવિષ્યમાં પોપડા ના પડે)

ઉપરોક્ત ત્રણ 'C' માટે કુલ પ્રોજેક્ટ ખર્ચની સરખામણીમાં બિલકુલ નહિવત ખર્ચ થવાની સામે આરસીસીમાં ઉત્તમ ગુણવત્તા મેળવી શકાય છે તેવી જાણકારી ઈજનેરોને આપવામાં આવી હતી.




# ગાંધીનગર ડેપોમાં ૧૦ કન્ડકટર અને ૧૩ ડ્રાઈવરની હજુ ઘટ

**મિકેનીકની સંખ્યા પણ ઓછી : ડેપોમાં મેનપાવરના અભાવે શહેરી બસ સેવા ઉપરાંત વિવિધ રૂટમાં બસોનુ સંચાલન કરવાનુ મુશ્કેલ**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજનાનુ સુરસુરિયુ થઈ ગયુ છે. શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં પાકીટમારોનુ રાજ ચાલે છે. બસમાં ચઢતા મુસાફરો ગમે ત્યારે પીક પોકેટીંગનો ભોગ બની રહ્યા છે. આમછતા ડેપો સંકુલમાં પોલીસ પહેરો ગોઠવાતો નથી. જયારે ડેપોમાં મેન પાવરના અભાવે શહેરી બસ સેવાના રૂટોના સંચાલન પર પણ અસર થાય છે. હાલની સ્થિતિએ ડેપોમાં ૧૦ કન્ડકટર અને ૧૩ ડ્રાઈવરની ઘટ છે. જો કે નિવૃતિની પ્રક્રીયાના અંતે ડેપોમાં ડ્રાઈવર કંડટરની ઘટમાં ફેરફાર થાય છે. આગામી દિવસોમાં ભરતી પ્રક્રીયાના અંતે ઘટનો પ્રશ્ન હલ થઈ જશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામત સવારીના રૂટોનુ યોગ્ય સંચાલન કરવા માટે પણ અભ્યાસ કરવામાં આવશે જો કે શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના અભેરાઈએ ચઢાવી દેવામાં આવી છે. અમદાવાદના રાણીપ અને બરોડોમાં એરપોર્ટ જેવા સુવિધાયુક્ત ડેપો સંકુલની પેટર્ન પર ગાંધીનગર ડેપોને પણ

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં ધોરણ ૫થી ૮માં હવે માસ પ્રમોશન નહીં મળે

**ધોરણ ૫થી ૮માં બે વિષયમાં ૩૫ કરતા ઓછા માર્ક્સ આવશે તો તેને નાપાસ કરવામાં આવશે અને વિદ્યાર્થીએ બીજીવાર તે ધોરણનો અભ્યાસ કરવો પડશે**

ગાંધીનગર,તા.૨૬

કોરોના સંકટના મુશ્કેલ સમય બાદ આ વર્ષ દરેક માટે સારૂ રહ્યું છે. ખાસ કરીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આ વર્ષે શાળાએ જઈને શિક્ષણ મેળવ્યું છે. છેલ્લા બે-ત્રણ વર્ષથી ઓનલાઈન અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આ વર્ષે શાળાએ જઈને અભ્યાસ કરવાની તક મળી હતી. હવે શૈક્ષણિક સત્ર પૂરુ થવા આવ્યું છે અને એપ્રિલ મહિનામાં પરીક્ષાઓ યોજાવાની છે. આ વચ્ચે ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે ધોરણ-૫થી ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જો બે વિષયમાં ૩૫ ટકા કરતા ઓછા માર્ક્સ હશે તો તેને આગળના

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com